પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૨૧, શનિવાર; મહા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આઝાદીના અમૃત મહોત્સવનો આરંભ

## તમામ પ્રજાજનો અમૃત મહોત્સવમાં સામેલ વડાપ્રધાન મોદીનું આહ્‌વાન : મહોત્સવ ઓગષ્ટ ૨૦૨૩ સુધી ચાલશે : વડાપ્રધાન મોદીએ સ્વાત્ર્ય સેનાનીઓને યાદ કરીને ૯૧મી દાંડીયાત્રાનો ગાંધી આશ્રમથી પ્રારંભ કરાવ્યો : યાત્રા ૬ એપ્રિલના રોજ દાંડી પહોંચશે

અમદાવાદ,તા.૧૨

૧૫ ઓગષ્ટ ૨૦૨૨ના રોજ દેશ ૭૫મો સ્વતંત્રતા દિન ઉજવશે, તેના ૭૫ સપ્તાહ અગાઉ પીએમ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવનો ગાંધી આશ્રમથી પ્રારંભ કરાવ્યો છે. આ પર્વની શરુઆત કરાવતા પીએમે જણાવ્યું હતું કે ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ સુધી આઝાદીનો અમૃત મહોત્સવ દેશભરમાં ઉજવવામાં આવશે. દેશના દરેક નાગરિકને તેનો હિસ્સો બનવા માટે પણ પીએમે અપીલ કરી હતી. પીએમે આજે ગાંધી આશ્રમથી આજે દાંડીયાત્રાનો પણ પ્રારંભ પણ કરાવ્યો હતો. દાંડીયાત્રાના ૯૧મા વર્ષે નીકળેલી આ યાત્રા ૦૬ એપ્રિલના રોજ દાંડી પહોંચશે, જેમાં ૮૧ લોકો જોડાયા છે. આજના કાર્યક્રમનો હિસ્સો બનવા માટે પીએમ મોદી કળા-સાહિત્ય, નાટ્ય જગત, ફિલ્મ જગત અને ડિજિટલ એન્ટરટેઈન્મેન્ટ સાથે સંકળાયેલા લોકોને આગ્રહ કર્યો હતો કે તેઓ દેશના ભૂતકાળમાં વિખરાયેલી પડેલી અનેક વાર્તાને શોધીને તેમને જીવંત બનાવે. દેશ ૭૫મા આઝાદી પર્વની ઉજવણી કરવા જઈ રહ્યો છે, ત્યારે પીએમે દેશની ઉપલબ્ધીનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે આજે પણ દેશની ઉપલબ્ધીઓ માત્ર આપણી નથી, પરંતુ આખી દુનિયાને રોશની બતાવનારી છે, માનવતાની આશા જગાવનારી છે. ભારતની આત્મનિર્ભરતાથી ઓતપ્રોત આપણી વિકાસ યાત્રા આખી દુનિયાની વિકાસ યાત્રાને ગતિ આપનારી છે. પીએમે જણાવ્યું હતું કે, આપણે ભારતીય ચાહે દેશમાં હોઈએ કે પછી વિદેશમાં, આપણે પોતાની મહેનતથી પોતાની જાતને સાબિત કરી છે. આપણને આપણા બંધારણ, લોકતાંત્રિક પરંપરાઓ પર ગર્વ છે. લોકતંત્રની જનની ભારત આજે પણ લોકતંત્રને મજબૂતી આપતા આગળ વધી રહ્યું છે. દેશની આઝાદીની લડાઈને યાદ કરતા પીએમે જણાવ્યું હતું કે, દેશના આ ગૌરવનું જતન કરવા માટે છેલ્લા છ વર્ષથી સજાગ પ્રયાસ કરાઈ રહ્યા છે. દરેક રાજ્ય, દરેક ક્ષેત્રમાં આ દિશામાં પ્રયાસ કરાઈ રહ્યા છે. દાંડીયાત્રા સાથે જોડાયેલા સ્થળનો પુનરુદ્ધાર પણ બે વર્ષ પહેલા જ કરાયો છે. દાંડીયાત્રાનો ઉલ્લેખ કરતા પીએમે જણાવ્યું હતું કે, તેનો પ્રભાવ અને સંદેશ પણ એવો જ છે, જે આજે દેશ અમૃત મહોત્સવના માધ્યમથી લઈને આગળ વધી રહ્યો છે. આપણા દેશમાં મીઠાનું મૂલ્ય ક્યારેય તેની કિંમતથી આંકવામાં નથી આવ્યું.






● અનુસંધાન પાન-૭ પર

## સાબરમતી આશ્રમની વિઝીટર બુકમાં પ્રધાનમંત્રીનો સંદેશ

પુણ્યસ્થળે આવીને ધન્યતા અનુભવું છું. અહીં આવીને ત્યાગ અને તપની ભાવના વધે છે. બાપૂના આશીર્વાદથી અમૃત મહોત્સવનો ઉદ્દેશ્ય પૂર્ણ થશે. આશ્રમમાં આવીને રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ મજબૂત થાય છે. અહીં ગાંધીજીએ આત્મનિર્ભરતાનો સંદેશ આપ્યો હતો.



## પ્રધાનમંત્રીની મુલાકાતને લઈ ૧૦ સોસાયટીના લોકોને નીકળવાની મનાઈ

મોદીની મુલાકાતને લઈ વહેલી સવારથી જ સુભાષબ્રિજથી ગાંધી આશ્રમનો રોડ અને વાડજથી સુભાષબ્રિજ સુધીનો રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો. સમગ્ર રોડ પર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ સુધીના રોડ પર માત્ર પોલીસ જ પોલીસ હતી. આસપાસની ૧૦ સોસાયટીના લોકોને પણ બહાર નીકળવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. કોઈને પણ સુભાષબ્રિજથી ગાંધીઆશ્રમ તરફ જવા દેવામાં આવતા ન હતા.

## ગાઝિયાબાદની માસ્ક-પીપીઈ કીટ બનાવતી ફેક્ટરીમાં આગ

### આગમાં ૧૪ લોકોના દાઝી ગયા હોવાના સમાચાર : ઘણી કોશિશ બાદ ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવ્યો

ગાઝિયાબાદ, તા. ૧૨

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં એક ફેક્ટરીમાં ભીષણ આગના સમાચાર સામે આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ આ આગ પોલીસ સ્ટેશન રોડના ઓદ્યોગિક વિસ્તારમાં આવેલી ૧૨/૭૧ ફેક્ટરીમાં લાગી છે. આ ફેક્ટરીમાં માસ્ક અને પીપીઈ કીટ બનાવવામાં આવે છે.

ફેક્ટરીમાં આગના બનાવની જાણ થતાં જ મોટી સંખ્યામાં ફાયર સ્ટેશન ફાઈટર ઘટનાસ્થળે પહોંચ્યા. ઘણી કોશિશ બાદ ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ



ફાઈટર ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર સાહિબાબાદ અને વૈશાલી ફાયર મેળવ્યો હતો. સીઓ બોર્ડરે જણાવ્યું હતું કે આ આગમાં ૧૪ લોકોના દાઝી ગયા હોવાની માહિતી સામે આવી રહી છે.સીઓના જણાવ્યા અનુસાર, દાઝેલા લોકોમાંથી ૫ લોકોને મેક્સ હોસ્પિટલમાં અને ૮ લોકોને યશોદા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે માહિતી આપી હતી કે આગને કાબૂમાં લેવાની કામગીરી ચાલી રહી છે. જ્યાં આગ લાગી તે ફેક્ટરીમાં માસ્ક અને પી.પી.ઈ કીટ બનાવવામાં આવતી હતી.

**જોઈએ છે**

● **કોમ્પ્યુટર ઓપરેટર**
સ્જી-ર્કકૈષ્ઠીના જાણકાર તથા ઓછામાં ઓછું ગ્રેજ્યુએશન કરેલું હોવું જોઈએ.

● **આર્કિટેક સુપરવાઈઝર**
ઈન્ટીરયર વર્ક તથા બાંધકામની ડિઝાઈન કરી શકે તેવા.

પગાર ધોરણ : લાયકાત મુજબ


: સંપર્ક સ્થળ :
**રાધે કોર્પોરેશન**
ઈ-૧૯૯, જીઆઈડીસી,
સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. ૯૭૨૩૦ ૨૩૦૯૨
મો. ૯૭૨૩૦૨૩૦૯૮

: મળવાનો સમય :
સવારે ૧૦ થી ૧૧

Vશાલ
SUPER MARKETની આજ
બીયર શેમ્પુ
૩૫૦ મીલી.
૧૮૦/-રૂ.
MRP ૨૬૦/-
સેક્ટર-૬/કુડાસણ

## મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટ: અકોલામાં લોકડાઉન લાગુ કરાયું

### પુણેમાં પણ નાઈટ કર્ફ્યુ લગાવવામાં આવ્યો



મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં જીવલેણ વાયરસનો કહેર વધી રહ્યો છે. ત્યારે હવે નાગપુર પછી અકોલામાં પણ પૂર્ણ લોકડાઉન લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અકોલામાં શુક્રવાર સાંજે ૮ વાગ્યાથી સોમવાર સવારના ૮ કલાક સુધી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં ઘાતક વાયરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે. નાગપુર, અકોલા સિવાય પુણેમાં પણ નાઈટ કર્ફ્યું લગાવવામાં આવ્યો છે. પુણેમાં રાત્રીના ૧૧ કલાકછથી સવારના ૬ વાગ્યા સુછી નાઈટ કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં ૩૧ માર્ચ સુછી તમામ સ્કૂલ, કોલેજને પણ બંધ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. બીજી તરફ પુણેમાં હોટલ, બાર રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી બંધ રહેશે, આજ નિયમ મોલ થિયેટર પર પણ લાગુ પડશે. મહારાષ્ટ્રમાં જીવલેણ કોરોનાનો પ્રકોપ વકરી રહ્યો હોવાથી રાજ્ય સરકાર ચિંતામાં પડી છે. હવે ગમે તે ઘડીએ લોકડાઉન લાગું કરાય એવા સંકેતો મુખ્ય પ્રધાને આપ્યા છે. લોકોએ આવા સંકટના સમયમાં લાપરવાહી વર્તવી નહિ. કાળજી રાખવી અને કોરોના સંદર્ભેના નિયમોને સખતાઈથી પાલન કરવાની અપીલ સુદ્ધા કરી છે.

## સિઝનને જોતાં ખેડૂતોના ૧૬૯ દિવસથી ચાલતા ધરણાં ખતમ

### ૧૬૯ દિવસથી ધરણા કરી રહેલા ખેડૂતો આજે રેલ્વે ટ્રેક પરથી ઊઠી ગયા : દિલ્હીની બોર્ડર પર હજી ધરણા ચાલુ

પંજાબ, તા. ૧૨

પંજાબના અમૃતસરમાં છેલ્લા સાડા પાંચ મહિનાથી રેલવે ટ્રેક પર ખેડૂતો આંદોલન કરી રહ્યા હતા.જોકે હવે તેમણે રેલવે ટ્રેક પરના ધરણા ખતમ કરી દીધા છે.

ખેડૂતોએ ઘઉંની કાપણી કરવાની સિઝનને ધ્યાનમાં રાખીને આંદોલન સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.અહીંયા ૧૬૯ દિવસથી ધરણા કરી રહેલા ખેડૂતો આજે રેલવે ટ્રેક પરથી ઉઠયા હતા.

સરકારના અધિકારીઓના કહેવા પ્રમાણે અમૃતસરના જંડિયાલા ગુરુ રેલવે સ્ટેશન પરના ધરણા ખતમ થઈ ગયા છે અને અહીંયા ટ્રેનો ફરી ચાલવા લાગી છે.અહીંયા ધરણાના કારણે ટ્રેનો રદ કરવી પડી હતી અને તેનાથી ખેડૂતો અને વેપારીઓને નુકસાન થઈ રહ્યુ હતુ.ખેડૂતોના પ્રદર્શનને જોતા રેલ વિભાગ તરફથી મર્યાદિત સંખ્યામાં ટ્રેનો ચલાવાતી હતી.

● અનુસંધાન પાન-૭ પર

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹43*/1 L
અમૂલ તાજા
500mL: ₹ 22*, 200mL: ₹ 9*
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરો: અમદાવાદ અને સૌરાષ્ટ્ર: 079 - 23969055 / 56 / 57
Amul The Taste of India

શુભ ડેન્ટલ કેર
છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ
SHUBH DENTAL CARE
Multi Speciality Dental Clinic
Dr. SHUBANG MAHARAJA
Dental Surgeon
M. 94082 76459
Timing : Morning 10 to 1 PM • Evening 4 to 9 PM
● દાંતની ચાકસણી આધુનિક X-Ray દ્વારા
● દાંતના મુળીયાની સારવાર અને કોમ્પોઝીટ ફીલીંગ
● પાયોરીયાની સારવાર ● દાંતની સાફઈ
● ચોકઠા, ફીક્સ દાંત બનાવવાની સારવાર
● દાઢ કાઢવાની સારવાર
● ડહાપણની દાઢ કાઢવાની સારવાર
● કોસ્મેટીક સારવાર
● વીનીયર્સ એન્ડ લેમીનેટ્સ
● દાંતમાં ડાયમંડ લગાવવો
● બાળકોના દાંતની સારવાર
● ડેન્ટલ ઈમ્પ્લાન્ટ
● જડબાના ફ્રેક્ચરની સારવાર
● જડબા અને મોઢાંની રસોળી અને ગાંઠની સારવાર, મોઢાના કેન્સરની સારવાર
Shop No. 122, Kanam Residency-2, 1st Floor, KUDASAN
ડો. શુભાંગ મહારાજા (B.D.S.) | ડો. લજ્જા જહા (M.D.S.) | ડો. વત્સલ રામવાલા (M.D.S.)
શુભેચ્છકો
કૃષ્ણકાન્ત જહા ● ભાગ્યેશ જહા ● પ્રકાશ જહા
દર્શન મહારાજા - ડો. ચારૂ મહારાજા